# થરાદની એક આંગણવાડી કેન્દ્રમાં ચાલતા ઈલુ ઈલુના ફોટા વાયરલ થતાં ચકચાર

થરાદ, તા. ૩૦

માસુમ બાળકો માટેના સરસ્વતીના ધામ એવા થરાદ તાલુકાની એક આંગણવાડી કેન્દ્રમાં સંચાલિકા અને એક યુવકના પ્રેમપ્રકરણના ફોટા વોટ્સએપમાં વાયરલ થતાં સરહદી પંથકમાં ભારે ચર્ચાઓ જામી છે. શોસ્યલ મિડીયામાં ચકચાર મચાવનાર આ ઘટનામાં યુવતી અને યુવક અલગ અલગ ગામોના છે પરંતુ યુવતીનો પતિ યુવકના ગામનો ભાણેજ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે પ્રેમમાં ગળાડુબ જણાતાં યુવક અને યુવતી આંગણવાડી કેન્દ્રમાંજ મોબાઈલ ફોનમાં વ્યસ્ત હોવાના તથા એક બીજા સાથે મસ્તી કરતા હોવાના ફોટા તેમની જાણ બહાર કોઈ ત્રીજી વ્યક્તિ દ્વારા પાડીને શેર કરી દેવાયા હોવાનો તર્ક પણ ચર્ચાસ્પદબન્યો છે.

પ્રેમ કરવો એ કોઈ ગુનો નથી પરંતુ સરસ્વતીના ધામના સ્થળને સુરક્ષિત સ્થળ તરીકે પસંદ કરીને તેમાં ચાલતી આવી લીલાઓ અંગે શોસ્યલ મિડીયામાં પણ ટીકાઓ જોવા મળી હતી. આંગણવાડી કેન્દ્રએ માસુમ બાળકોને પા... પા... પગલીનું પ્રાથમિક શિક્ષણ મંદિર ગણવામાં આવે છે. તેમાં ખુદ સંચાલિકા દ્વારા આવી પ્રવૃતીઓની બાળકોના માનસપટ પર કેવી ખરાબ અસરો ઉભી કરી શકે તે બાબતનો ખ્યાલ રાખવો જોઈએ તેવી સાચી અને સારી ચર્ચાઓ સાથે અનેક ગૃપોમાં આ દેશી મનોરંજનના દશ્યો નિહાળીને વોટ્સએપ યુઝર્સ રમુજ કરતા પણ જોવા મળ્યા હતા. ફોટાઓને જ્યારથી તુજ સંગ આંખડી મળી સે... તારી જાનુડી તાર પ્રેમમાં પડી સે... ગુજરાતી લોકગીત સાથે વિડીયો કલીપમાં કન્વર્ટ કરીને પણ વાયરલ કરવામાં આવ્યું હતું.

# હિંમતનગર બસ સ્ટેન્ડમાં સમારકામ શરૂ કરાતા મુસાફરો અને વેપારીઓને મુશ્કેલી

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગરના મુખ્ય બસ સ્ટેન્ડમાં છેલ્લા કેટલાક દિવસોથી મુસાફરો માટે નવા બાંકડા બનાવવાની કામગીરી શરૂ કરાઈ હોવાને કારણે કોન્ટ્રાક્ટર દ્વારા ઈંટો તથા અન્ય સામગ્રી બસ સ્ટેન્ડમાં આવેલ દુકાનોના શટલ આગળ ખડકી દેવાતા ભાડુ ભરતા આ વેપારીઓનો છેલ્લા કેટલાક દિવસથી જાણે કે દંધો ઠપ્પ થઈ ગયો છે. ઉપરાંત મુસાફરોને પણ બેસવાની જગ્યા ન મળતા તેમને આમથી તેમ ભટકવાનો વારો આવ્યો છે.

આ અંગેની વિગત એવી છે કે દિવસો અને રાત્રે સતત મુસાફરોની અવરજવરથી ધમધમતા હિંમતનગરના મુખ્ય બસ સ્ટેન્ડમાં મુસાફરોની સગવડ માટે નિગમ દ્વારા બાંકડા બનાવવાનો કોન્ટ્રાક્ટ ઈજારદારને આપવામાં આવ્યો છે. જેના કારણે આ કોન્ટ્રાક્ટર દ્વારા ચણતર માટે વપરાતી ઈંટો તથા રેતી સહિતની અન્ય સામગ્રી બસ સ્ટેન્ડમાં ખડકી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ બસ સ્ટેન્ડમાં સમારકામ કરતા અગાઉ જે લોકોએ ડેપોમાં દુકાનો ભાડે રાખવાનો પરવાનો લીધો છે તેમને પણ વિશ્વાસમાં લેવામાં આવ્યા ન હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

દરમ્યાન જે સામગ્રી બસ સ્ટેન્ડમાં ખડકી દેવામાં આવી છે તે સ્થળે તથા આજુબાજુમાં આવેલ દુકાનદારોને પરાણે દુકાનના શટલ બંધ રાખવા પડે છે. અથવા તો અડધા ખુલ્લા રાખીને બેસી રહેવુ પડે છે. જેના કારણે ખરીદનાર ગ્રાહક આવતા ન હોવાને કારણે વેપારીને નુકશાન વેઠવુ પડેછે. તેથી નિગમના સત્તાવાળાઓએ જે દુકાનના શટલ બંધ રાખવા પડે છે તેમને ભાડામાં રાહત આપવી જોઈએ. તેઓ મત ડેપોના વેપારીઓમાં પ્રવર્તી રહ્યો છે. ઉપરાંત બસ સ્ટેન્ડમાં ઓલ કેટલાક સીલીંગ ફેન બંધ હોવાને કારણે મુસાફરો ગરમીમાં શેકાઈ રહ્યા છે. જેથી તે બંધ પંખાઓ પણ રીપેર કરીને સત્વરે કાર્યરત કરવા જોઈએ. તેમ મુસાફરો ઈચ્છી રહ્યા છે.



થરાદમાં નાંણદેવી માતાના મંદિરે માતરિયો મેળો ભરાયો. આ મેળામાં દૂર દૂરથી લોકો માતાના દર્શને આવે છે. આ મેળામાં ખાસ કરીને માતાજીને માતરનો પ્રસાદ ધરવામાં આવે છે. જેથી આ મેળો માતરિયા મેળા તરીકે ઓળખાય છે. આ મેળામાં લોકો દુર દુરથી માતાજીના દર્શને આવે છે અને માતાજીના દર્શનનો લાભ લે છે.

# વાતમના યુવક મર્ડર કેસમાં અન્ય શખ્સો સંડોવાયા હોવાની આશંકા

લાખણી તાલુકાના વાતમ ગામે તાજેતરમાં એક યુવકની હત્યા થઈ હતી. જેમાં ફરિયાદના આધારે પોલીસે ત્રણ શખ્સોની અટકાયત કરી છે. જોકે, આ ગૂનામાં અન્ય શખ્સો પણ સંડોવાયેલા હોવાની આશંકાને પગલે પોલીસ દ્વારા જીણવટભરી તપાસ કરવામાં આવે તે માટે જિલ્લા પોલીસવડાને રજૂઆત કરવામાં આવી હતી.

લાખણી તાલુકાના વાતમ ગામના લોકોએ બનાસકાંઠા જિલ્લા પોલીસવડા નિરજ બડગુજરને લેખિતમાં રજુઆત કરી હતી. જેમાં જણાવ્યું હતુ કે, ગામના ગગાજી શામજીજી ઠાકોરની હત્યા કરવામાં આવી હતી. આ ગૂનામાં પોલીસે ફરિયાદમાં જણાવેલા આરોપીઓની અટકાયત કરી છે.

જોકે, ત્રણ આરોપીઓ સિવાય પણ અન્ય શખ્સો આ ગૂનામાં સંડોવાયેલા છે. ત્યારે જો મૃતકના મોબાઈલ ફોનની કોલ ડિટેઈલની તપાસ કરવામાં આવે તો અન્ય શખ્સોની સંડોવણી બહાર આવી શકે તેમ છે. ત્યારે આગથળા પોલીસ દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે. આવેદનપત્ર આપતી વખતે મેલાજી ઠાકોર સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



ખેડબ્રહ્મા શહેરના ગામ વિસ્તારમાં આવેલા મહાવીર સ્વામી જૈન દેરાસર ખાતે જન્મ કલ્યાણક નિમિત્તે સવારે દેરાસરથી શોભાયાત્રા નીકળી હતી જે બ્રહ્માજી ચોક, હોળી ચકલા થઈ દેરાસર પહોંચી હતી. શોભાયાત્રામાં નાના ભુલકાઓએ પ્લે બોર્ડ સાથે ભગવાન મહાવીર સ્વામીના સંદેશ લખી સમાજના સંદેશો ફેલાવ્યો હતો. બપોરે ભગવાનની મહાપૂજા મહેતા રાજુલાબેન સુમતીલાલ મહેતા પરિવારે ધર્મલાભ લીધો હતો. રાત્રે જૈન સમાજ દ્વારા મહા આરતી અને આંગી કરવામાં આવી હતી. આ પ્રસંગે દશાપોરવાડ જૈન પચ મહાજન પ્રમુખ શૈલેષભાઈ મહેતા, સાગરભાઈ સહિત જૈન બંધુઓ હજાર રહ્યા હતા.

# રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણની કામગીરી કરતા કર્મચારીઓની કફોડી હાલત

## અનેક રજુઆતો છતાં સરકાર સાંભળતી નથી : સાબરકાંઠાના ૨૩ કર્મચારીઓ કામથી અળગા રહી આંદોલન ચલાવશે

હિંમતનગર, તા. ૩૦

દેશમાંથી ક્ષય જેવા મહારોગને દેશવટો આપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે ત્યારે ગુજરાતમાં ક્ષય નિયંત્રણની કામગીરી બજાવતા ૧૦૦૦થી વધુ કર્મચારીઓને સરકાર દ્વારા મળવાપાત્ર લાભો અને યોગ્ય વેચન ન મળતા તેમની હાલત કફોડી બની છે. જેથી તેઓએ કામથી અલગા રહેવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત શનિવારથી તેઓ હડતાલનું શસ્ત્ર ઉગમશે.

આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં આવેલ દરેક તાલુકા કક્ષાએ ક્ષય નિયંત્રણની ૨૩ જેટલા કર્મચારીઓ છેલ્લા ગણા વર્ષોથી ફિક્સ પગારમાં કામગીરીને સેવા આપે છે. પરંતુ તેમને યોગ્ય વળતર મળતુ નથી. જે અંગે તેમના રાજયકક્ષાના આર. અને ટી.સી.પી. કરારબદ્ધ કર્મચારી સંઘ દ્વારા અનેક રજુઆતો કરવામાં આવી હતી. પરંતુ તેમને ન્યાય મળ્યો નથી. જેથી સંઘે તા. ૩૧ માર્ચથી કામથી અળગા રહેવાનો નિર્ણય કર્યો છે. જો કે ક્ષયના રોગથી પીડાતા દર્દીઓને મળતી જરૂરી સેવાઓ તેઓ માનવતાના ધોરણે ચાલુ રાખશે પરંતુ અન્ય કામગીરી કરશે નહી.

## ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરીત અસરથી બચવા

# આરોગ્ય ખાતાને તાકીદે પગલાં લેવા રજુઆત કરતાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી

મોડાસા, તા. ૩૦

હાલમાં રાજ્યમાં અસહ્ય ગરમી પડે છે. ઉનાળાની શરૂઆતથી તાપમાનમાં વધારો થઈ રહેલ છે. ગરમી વધવાને કારણે શરીરમાં લુ લાગવા (સનસ્ટ્રોક)ના કેસો નોંધાતા હોય છે. જેમાં સમયસર સારવાર લેવામાં ન આવે તો જીવલેણ સાબીત થઈ શકે છે તે બાબત ધ્યાને લઈ અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ જિલ્લા પંચાયત હસ્તકની તમામ પ્રાથમિક શાળાનો સમયમાં ફેરફાર કરી તમામ શાળાઓ સવારની કરવા સંદર્ભે રજુઆત કરવામાં આવેલ છે. સ્થાનિક કક્ષાએથી આ બાબતે તાકીદે નિર્ણય લેવા પ્રમુખ રાજેન્દ્ર પારઘીને ખાત્રી આપવામાં આવેલ છે. જેના કારણે અરવલ્લી જિલ્લામાં અભ્યાસ કરતાં નાના બાળકો ઉનાળાની ગરમી વધવાના કારણે લુ લાગવા (સન સ્ટ્રોક)નો ભોગ ન બને તેમજ ટુંક સમયમાં વાર્ષિક પરીક્ષા શરૂ થવાની હોઈ નાના બાળકોને અભ્યાસમાં મુશ્કેલી ઉભી ન થાય તે બાબત ધ્યાને રાખી રાજેન્દ્ર પારઘી દ્વારા સ્થાનિક કક્ષાએ રજુઆત કરવામાં આવેલ છે.

વધુમાં રાજેન્દ્ર પારઘી દ્વારા પંચાયત હસ્તકના આરોગ્ય ખાતાના અધિકારીઓને જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં ઉનાળામાં અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરીત અસરોથી બચવા (લુ લાગવી) અંગે શું પગલાં લઈ શકાય તેની જાણકારીની માર્ગદર્શિકા સુચનાઓનો બહોળો પ્રચાર-પ્રસાર જિલ્લામાં કરવા તાકીદે કરી છે અને જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં હોર્ડીંગ્સ, બેનર, પત્રીકા વિતરણ કરવા સુચના આપવામાં આવેલ છે. જિલ્લામાં ક્યાંય પણ લુ લાગવા (સનસ્ટ્રોક)નો કિસ્સો નોંધાય તો તે અંગે સત્વરે કાર્યવાહી હાથ ધરી જિલ્લાના ગ્રામીણ પ્રજાજનોને તાકીદે તબીબી સારવાર મળી રહે તેવી જરૂરી સુચના આપેલ છે તેમ રાજેન્દ્ર પારઘીએ એક અખબારી યાદીમાં જણાવેલ છે.



# તલોદમાં હાટકેશ્વર દાદાની દબદબાભેર ઉજવણી

તલોદ તાલુકા વિસ્તારમાં વસતા નાગર બ્રહ્મસમાજના ઈષ્ટદેવ એવા હાટકેશ્વર દાદાની હાટકેશ્વર જયંતિની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. જશુભાઈ શાસ્ત્રીના ઘરે હાટકેશ્વર દાદાની પૂજા-અર્ચના વહેલી સવારથી જ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાગર સમાજના અગ્રણી રાજુભાઈ રાવલ, રજનીકાંત પંડ્યા, પ્રવિણભાઈ રાવલ (તલોદ બ્રહ્મસમાજ-ઉપપ્રમુખ), મહેન્દ્રભાઈ ઝા, પંકજભાઈ વ્યાસ તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના નાગર બંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે પૂજા-અર્ચના શિવ-શંકર વ્યાસ તથા અશ્વિનભાઈ તથા પ્રતિકભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે અભિષેક-મહાઆરતી તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. તલોદ તાલુકામાં નાગર બ્રહ્મસમાજ દ્વારા દર વર્ષે હાટકેશ્વર જયંતિની ઉજવણી કરવામાં આવે છે. આવતા વર્ષે પણ અશ્વિનભાઈ વ્યાસના ત્યા ઉજવણી કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

# જગાણા પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈકસવાર બે યુવકોના મોત

પાલનપુર તાલુકાના જગાણા પાટીયા પાસે ગત વહેલી સવારના સુમારે અજાણ્યા વાહન ચાલકે બાઈકને ટક્કર મારી હતી. જેમાં બાઈક સવાર બે યુવકોના મોત નિપજ્યા હતા. જ્યારે એક યુવકને ઈજા થતાં મહેસાણા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પાલનપુર-અમદાવાદ હાઈવે ઉપર જગાણા ગામના પાટીયા પાસે વહેલી સવારે ત્રણ વાગ્યાના સુમારે અમદાવાદ તરફથી બાઈક ઉપર આવી રહેલા વડગામ તાલુકાના જલોત્રાના ત્રણ યુવાનો જગાણા ગામમાંજવાના રસ્તા ઉપર વળી રહ્યા હતા. તે સમયે પુરઝડપે આવી રહેલા અજાણ્યા વાહન ચાલકે બાઈકને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બે યુવકોને ગંભીર ઈજા થતાં કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે ૧૮ વર્ષીય દિવ્યાંગ પરેશભાઈ રાવળને ગંભીર હાલતમાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાંથી વધુ સારવાર અર્થે મહેસાણા ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતને પગલે સમગ્રપંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

## કોમી હિંસા... ●

**અનુસંધાન પહેલાનું ચાલુ**

ફરજ પડી હતી. પોલીસની ઉચ્ચ અધિકારીઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી સ્થિતિની સમીક્ષા કરી હતી. નવાદાના હિંસાગ્રસ્ત વિસ્તારની જિલ્લાઅધિકારીએ મુલાકાત લીધી હતી અને મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, કેટલાક આસામાજિક તત્વોએ મૂર્તિને નુકસાન પહોંચાડ્યું હતું જેના કારણે બે અલગ અલગ સમુદાયના લોકો આમને સામને આવી ગયા હતા. તેમણે જણાવ્યું છે કે, ચિંતા કરવાની કોઈ જરૂર નથી અને સ્થિતિ કાબૂ હેઠળ છે. નવાદામાં હિંસાને પગલે ઈન્ટરનેટ સેવાને બંધ કરી દેવામાં આવી છે. સાથે સાથે સમગ્ર વિસ્તારમાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયમાં રામનવમી બાદ ભાગલપુર, ઔરંગાબાદ, સમસ્તીપુર અને મુંગેર જિલ્લાઓમાં સાંપ્રદાયિક તંગદિલીની સ્થિતિ સર્જાયેલી છે. નવાદામાં હિંસાની ઘટના બાદ અધિકારીઓ સતર્ક થઈ ગયા છે. આ વિસ્તારમાં કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહ સાંસદ છે. ઔરંગાબાદ હિંસાના મામલામાં ધરપકડ કરાયેલા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા અનિલ સિંહ પોલીસ કસ્ટડીમાંથી ફરાર થવામાં સફળ થયો છે.

## મોટો ફાળો... ●

**અનુસંધાન પહેલાનું ચાલુ**

આ સેલિબ્રેશન અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કચ્છીઓને સંબોધન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૯૩માં નિર્માણ પામેલા વેસ્ટ કોમ્પ્લેક્ષમાં શિક્ષણ, આરોગ્ય અને આવસની સુવિધા ઉપલબ્ધ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આફ્રિકા-કેન્યાના વિકાસમાં કચ્છીઓનો મોટો ફાળો છે. વડાપ્રધાન મોદીએ નૈરોબીમાં વસતા ગુજરાતીઓને કચ્છી ભાષામાં જય સ્વામિનારાયણ કહી સંબોધનની શરૂઆત કરી હતી. વડાપ્રધાનને કહ્યું કે, પૂર્વ આફ્રિકાના કચ્છી લેઉવા પટેલ સમાજનું પ્રદાન સવા સો વર્ષ જૂનું છે. બાળકો અને ગરીબ મહિલાઓ માટે અંતરિયાળ વિસ્તારમાં ચાલતા પ્રયાસો પ્રશંસનીય છે. કચ્છ અને જામનગર વચ્ચે રો-રો ફેરી શરૂ કરાશે. વડાપ્રધાનને આગળ કહ્યું આફ્રિકા અને કેન્યાના વિકાસમાં કચ્છીઓનો મોટો ફાળો છે. જે રીતે સ્કૂલ હોસ્પિટલ અને રાહત દરે ઘર બનાવવાનું કામ હાથ ધર્યું છે, તે અભિનંદન પાત્ર છે. ભારતીયોનો ફાળો માત્ર પરસેવા પુરતો નથી, ત્યાગ અને બલિદાનનો પણ છે અને અનેક ભારતીયોએ કેન્યાને આઝાદી અપાવવામાં ફાળો આપ્યો છે. તેમણે કહ્યું હતું કે, દેશસેવા, સમાજસેવામાં ભારતીય મૂળના લોકોએ અવિરત પુરુષાર્થ કર્યો છે અને એનું જ પરિણામ છે. ભારતીયોનો ફાળો માત્ર પરસેવો પુરતો નથી, ત્યાગ અને બલિદાનનો પણ છે. ભારત અને આફ્રિકાના સંબંધોને વધુ મજબૂત કરવા ઉપર ભાર મુક્યો હતો. કચ્છી ભલે કેન્યામાં રહે કે અન્ય જગ્યાઓએ આફતને કેવી રીતે તકમાં ફેરવવી તે તેમનામાં કળા છે. આપના મનની અંદર ભારતીયતા આજે પણ છે જેનો હું અનુભવ કરી શકું છું. અનેક ભારતીયોએ કેન્યાને આઝાદી અપાવવામાં પણ મહત્વનો ફાળો આપ્યો છે.

## ટ્રીમીંગ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નિવારવા તેમજ આમ નાગરિકો માટે વૃક્ષોની ડાળીઓ આડશરૂપ ન બને તે માટે તંત્ર દ્વારા ગરમીના દિવસોમાં જ વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ કરવા માટે ઝુંબેશ હાથ ધરી છે. હાલ નગરના નવા સેકટરોમાં ગ માર્ગ તેમજ ગ-૨ થી ઘ-૨ તરફના માર્ગ પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવી રહયુ છે. જ્યોર વનતંત્ર દ્વારા શહેરમાં સ્થિત સુકા વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી રહી છે. સુકા વૃક્ષો વરસાદી દિવસોમાં ગમે ત્યારે જમીનદોસ્ત થતા હોવાનુ ધ્યાને આવતા વરસાદી દિવસો પુર્વે શહેરમાં સુકા વૃક્ષોની કટોતી પણ કરવામાં આવી રહી છે. અત્યાર સુધી તંત્ર દ્વારા ૩૦૦ જેટલા સુકાવૃક્ષો દુર કરાયા છે. જયારે હજુ પણ સેકટરોમા સ્થિત સુકા વૃક્ષો દુર કરવા તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરાશે સુકા વૃક્ષોના મુળિયા વરસાદી દિવસોમાં વધુ નબળા પડી જતા વૃક્ષો ચોમાસા દરમિયાન જોખમી પુરવાર થાય છે જેને ધ્યાને લઈ ચોમાસા પુર્વે શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગ તેમજ ભયજનક વૃક્ષો દુર કરવા માટે વનતંત્રએ ઝુંબેશ હાથ ધરી છે.

## ક્લોરીનેશન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બપોરના સમયે નગરના માર્ગો પર સન્નાટો જોવા મળે છે. ત્યારે આકરી ગરમીમાં ઠંડા થવા માટે નગરજનો અવનવા નુસખા અપનાવી રહયા છે. ગરમીનુ પ્રમાણ વધતા શહેરીજનોમાં પાણીનો વપરાશ સ્વાભાવિક રીતે જ વધ્યો છે. ત્યારે ઉનાળામાં પાણીજન્ય રોગચાળો માથુ ન ઉંચકે તે માટે પણ સાવચેતી રાખવાની અનિવાર્યતા ઉભી થઈ છે. પાણીનો વપરાશ વધવાની સાથે પાણીની ગુણવત્તા જળવાઈ રહે તે માટે પણ તંત્ર દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. આકરી ગરમીને ધ્યાને લઈ પાણીજન્ય રોગચાળાને અંકુશમાં રાખવા માટે તંત્ર દ્વારા રહીશોના ઘરે સપ્લાય થતા પાણીમાં ૦.૨ પી પી એમ ક્લોરીનેશન કરી દેવાયુ છે. જયારે ક્લોરીનનુ પ્રમાણ પાણીમાં જળવાય રહે તે માટે પણ તકેદારી રાખવા માટે સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત રોજબરોજ સેકટરોમાં સપ્લાય થતા પાણીના નમુના લઈ ચકાસણી કરવામાં આવી રહી છે. આડા દિવસોમાં પણ પાણીના નમુના તેમજ ક્લોરીનેશનનુ પ્રમાણ ચકાસવામાં આવે છે. પરંતુ ગરમીના દિવસોમાં પાણીના મામલે વિશેષ તકેદારી રાખવાની અનિવાર્યતા હોવાના લીધે તંત્ર દ્વારા કોઈપણ પ્રકારનો પાણીજન્ય રોગચાળો માથુ ન ઉંચકે તે માટે સતત પાણીની ગુણવત્તા ચકાસવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ઉનાળો પ્રારંભથી જ અત્યંત આકરો બનતા નગરજનો ગરમીથી બેબાકળા બની ગયા છે. ગરમીની ઋતુના પ્રારંભે જ તાપમાન ૪૨ ડી ગ્રી એ પહોંચી ગયુ છે. આવા સંજોગોમાં જનઆરોગ્યના મામલે પણ વિશેષ ધ્યાન રાખવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

# ડભોડિયા હનુમાનજી મંદિરમાં ૧૧૧૧ તેલના ડબાનો અભિષેક

## સાળંગપુર કષ્ટભંજન, લોદરાના હનુમાન, કેમ્પ સહિતના દાદાના મંદિરોમાં હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી થશે

અમદાવાદ,તા. ૩૦

આવતીકાલે ચૈત્રી સુદ પૂનમ, હનુમાન જયંતિ અને શનિવારનો અનોખો ત્રિવેણી સંગમનો સુંદર યોગ વર્ષો પછી સર્જાયો હોવાથી હનુમાનજી દાદાના ભકતોમાં આવતીકાલની હનુમાનજયંતિની ઉજવણી અને પૂજા, હોમ-હવન અને યજ્ઞને લઈ ભારે ઉત્સાહ અને ભકિતનો માહોલ છવાયો છે. આવતીકાલે હનુમાનજયંતિને લઈ સાળંગપુર કષ્ટભંજન દેવસ્થાન, ગાંધીનગરના સુપ્રસિધ્ધ ડભોડિયા હનુમાનજી, શાહીબાગના કેમ્પ હનુમાનજી, એસજી હાઈવે પરના મારૂતિ ધામ, ખાડિયાના બાલા હનુમાન, બાપુનગરના નાગરવેલ હનુમાનજી મંદિર, મેમનગરના ભીડભંજન હનુમાનજી, થલતેજના પંચમુખી હનુમાનજી મંદિર, મેમનગર ગામના પંચમુખી હનુમાનજી મંદિર, સોલા રોડ ખાતેના કાંકરિયા હનુમાનજી, લોદરા ખાતેના સુપ્રસિધ્ધ હનુમાનજી મંદિર સહિતના દાદાના મંદિરોમાં હનુમાનજી દાદાનો ભવ્ય જન્મોત્સવ અને ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. સાળંગપુર કષ્ટભંજન દેવ મંદિર ખાતે આવતીકાલે સવારે ૭.૦૦ વાગ્યે દાદાનો વિશેષ સમૂહ યજ્ઞ યોજાશે, જેની છેક બપોરે ૧.૦૦ વાગ્યે પૂર્ણાહુતિ થશે. ગાંધીનગર જિલ્લાના ડભોડિયા હનુમાનજી મંદિર ખાતે તો દાદાને ૧૧૧૧ તેલના ડબાનો ભવ્ય અભિષેક,



૧૫૧ કિલોની કેકના પ્રસાદ અને ૧૦૮ દિવાઓની મહાઆરતી સહિતના કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરાયું છે. આ વખતે હનુમાનજયંતી વર્ષો પછી શનિવારના દિવસે આવતી હોઈ તેનું મહાત્મ્ય સ્વાભાવિક રીતે જ વધી જાય છે. શહેરના શાહીબાગ કેમ્પ હનુમાનજી મંદિર ખાતે હનુમાનજયંતીના દિવસે આવતીકાલે શનિવારે સવારે ૬-૩૦ વાગ્યે દાદાની ભવ્ય આરતી, ૧૦.૦૦ વાગ્યે જન્મોત્સવ, ત્યારબાદ દાદાને ૪૫૦ કિલો લાડુનો મહાપ્રસાદ ધરાવાશે, ૧૧.૩૦ વાગ્યે કેમ્પ હનુમાન મંદિર શિખર પર દાદાની ધજારોહણ, ૧૨.૦૦ વાગ્યે ભાવિકભકતો માટે ભંડારાનું આયોજન અને સાંજે ૬.૩૦ વાગ્યે મહાઆરતીનું આયોજન કરાયું છે.

આ જ પ્રકારે સાળંગપુર કષ્ટભંજન દેવમંદિર ખાતે સવારે ૭.૦૦થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી દાદાનો વિશેષ યજ્ઞ થશે. સવારે ૯.૩૦ વાગ્યે કષ્ટભંજન દેવનો ભવ્ય અભિષેક કરાશે. સવારે ૧૧.૩૦ વાગ્યે દાદાને અન્નકુટનો ભોગ ધરાવાશે. જ્યારે રાત્રે ૯.૦૦થી લોકડાયરા અને ભજનસંધ્યાનું આયોજન કરાયું છે. ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતે સુપ્રસિધ્ધ ડભોડિયા હનુમાનજી મંદિરના પૂજારી રાજેશ પ્રવીણચંદ્ર મહેતા, શેખર જોષી(મહારાજ), ટ્રસ્ટી શકરાજી મંગાજી સોલંકી, રાજુભાઈ ગજ્જર સહિતના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ હનુમાનજયંતિ નિમિતે ડભોડિયા દાદાના જન્મોત્સવની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

# પતિએ કપડાં ખરીદવાની ના પાડતાં એંગોલા ગામમાં પત્નીએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવતા ચકચાર

પાલનપુર તાલુકાના એગોલા ગામ માં નજીવી બાબતે પતિથી લાગી આવતા પત્નીએ મોતને વ્હાલું કર્યુ હતું. પતિએ તેની પત્નીને બજારમાંથી કપડાં ખરીદી કરવાની ના પાડતાં પત્નીને લાગી આવતા તેણીએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતુ.

મુળ રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના કોટડા છાવણી તાલુકાના તીલરવા ગામના સોનાભાઈ વીરાભાઈ ગરાસીયા અને તેમની પત્ની સીતાબેન પાલનપુર તાલુકાના એગોલા ગામે ભાગીયા તરીકે રહે છે. દરમિયાન સીતાબેનને તેમના પતીએ બજારમાંથી કપડાં ખરીદવાની ના પડતા બંન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી. આથી સીતાબેનને લાગી આવતાં મકાનની છતના પતરા સાથે લગાવેલી લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી દીધો હતો. આ અંગે સોનાભાઈએ પાલનપુર તાલુકા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષક એ. આર. જનકાંતએ હાથ ધરી છે.

## ભાજપના પ્રભારી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયેલ છે તેવા વિસ્તારના આગેવાનો સાથે પણ બેઠક કરશે તેમ મનાઈ રહ્યુ છે. આજની બેઠકમાં ફેબ્રુઆરી માસમાં યોજાયેલ નગરપાલિકાઓની ચૂંટણી તેમજ તાલુકા જિલ્લા પંચાયતોની ચૂંટણીને લઈ ખાસ ચર્ચાઓ વિશ્લેષણાત્મક રીતે કરવામાં આવી હતી.

કોર કમિટીની બેઠકમાં ગુણોત્સવ દરમ્યાન પાણીની સમસ્યાને પહોંચી વળવા માટેના આયોજનની લોકોને જાણકારી પહોંચે તેના પર પણ વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. જળસંકટની સ્થિતિ અંગે જિલ્લાઓમાંથી મળેલા અહેવાલોની સાથે સાથે માનવ વિકાસ સૂચકાંકમાં આવેલા સુધારા અંગે પણ આ બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.